M.No. 98245 08172

**_JITENDRA H. PAREKH_**

202-203 G. B.Complex,
Moti Tanki Chowk,
RAJKOT-360001.

_Advocate ( Guj. High Court.)_

રેફ. નં. ......./૨૦૨૨ તા.૨૫.../૦૮/૨૦૨૨

મહોદય શ્રી,

વિષય : <u>ટાઈટલ કલીયરન્સ / બોજા મુકત અંગેનો અભિપ્રાય આપવા અંગે.</u>

આ સાથે બિલ્ડરાજ હોમ્સ એલ.એલ.પી. ભાગીદારી પેઢીએ રજુ રાખેલ અસલ ફાઈલ અને આનુસાંગિક પેપર્સ, માહિતી મેળવી નીચે મુજબ અભિપ્રાય આપું છું :–

(૧) **પ્રોજેકટના માલિકનું નામ તથા સરનામું :–**

**બિલ્ડરાજ હોમ્સ એલ.એલ.પી**
ઠે. 'રામ કૃપા', ચૌધરી હાઈસ્કૂલ રોડ,
જિલ્લા સહકારી બેંક પાસે, રાજકોટ–૧

(૨) **પ્રોજેકટનું વર્ણન :–**

રાજકોટ શહેરમાં કાશી વિશ્વનાથ પ્લોટ, શેરી નં.૧૧ માં આવેલ મિલકત ધી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડીયા ઈન કાઉન્સીલના પોલીટીકલ એજન્ટ હાલાર પ્રાંન્તનાએ ઈન્યુ કરેલ સનદ ફોર્મ નં. "બી" કે જે મિસ્ત્રી મોનજી ભોવાનનું નામનુ ટ્રાન્સફર થયેલ છે તે હકીકત માલીક તરીકે આવેલ હતા. સદરહુ મિલકત અર્થે સૌપ્રથમ જાહેર હરરાજી માંથી મેરાઈ પુંજા જીવાએ પોલીટીકલ એજન્ટ પાસેથી જાહેર હરરાજી માંથી ખરીદ કરેલ અને ત્યારબાદ મેરાઈ પુંજા જીવા પાસેથી ડાયા ત્રિકમ મેરાઈએ લેખ નં. ૪૮/૧૮૯૮–૯૯, તારીખ ૨૧/૧૨/૧૮૯૮ ના રોજથી દસ્તાવેજથી ખરીદ કરેલ છે. ત્યારબાદ વલીમામદ જીવાભાઈએ શ્રી દેવશીભાઈ ડાયાભાઈ પાસેથી રજીસ્ટર વેચાણ લેખ નં.૨૨/૧૯૧૬ તારીખ ૧૮/૦૭/૧૯૧૬ રોજથી ખરીદ કરેલ, રાજકોટ સ્ટેટ માંથી પોલીટીકલ એજન્ટને પ્રાપ્ત થતા તા.૧૨/૧૨/૧૮૯૭ ના રોજથી મેમણ મહેમદ આમદભાઈના નામ જોગ સનદ ફોર્મ "બી" ઈશ્યુ કરવામાં આવેલ. ત્યારબાદ મેમણ આમદભાઈએ સદરહુ જમીન ચો.વા. આ.૭૪૬–૬--૦ વાલી મામદ જીવાભાઈ પાસેથી તારીખ ૧૪/૦૯/૧૯૨૨ ના રોજથી ખરીદ કરવામાં આવેલ અને તે અંગેની રાજકોટ સ્ટેટ માંથી પોલીટીકલ એજન્ટ મારફત તા.૧૨/૧૨/૧૮૯૭ ની અસરથી મેમણ

...૨

M.No. 98245 08172

**JITENDRA H. PAREKH**

202-203 G. B.Complex,
Moti Tanki Chowk,
RAJKOT-360001.

*Advocate ( Guj. High Court.)*



મહેમદ આમદભાઈના નામ જોગ સનદ ફોર્મ ''બી'' ઈશ્યુ કરવામાં આવેલ, તેમજ યુસુફભાઈ આદમભાઈએ વલી મામદ જીવાભાઈ પાસેથી સદરહુ મિલકત માંહેની મિલકત રજી.લેખ નં.૨૪, તા.૧૪/૦૯/૧૯૨૨ ના રોજથી ખરીદ કરેલ, ત્યારબાદ મેમણ યુસુફ આદમભાઈએ વલી મામદ જીવાભાઈને તા.૦૨/૦૪/૧૯૩૫ ના રોજથી કુલમુખત્યારનામુ આપેલ તેમજ અન્ય ભાગનું મેમણ અહેમદભાઈએ પણ શ્રી વલી મામદ જીવાભાઈ જોગ તા.૦૨/૦૪/૧૯૩૫ ના રોજ કુલમુખત્યારનામુ કરી આપેલ. ત્યારબાદ શ્રી મિસ્ત્રી મોનજી ભવાને મેમણ યુસુફ આદમના કુલમુખત્યાર વલી મામદ જીવાભાઈ પાસેથી રજી.વેચાણ લેખ નં. ૩૫૦/૧૯૩૬, તા.૧૧/૧૧/૧૯૩૬ ના રોજથી ખરીદ કરેલ તેમજ સદરહુ મિલકતનો અન્ય ભાગ મિસ્ત્રી મોનજી ભવાને શ્રી મેમણ અહેમદ આદમભાઈના કુલમુખત્યાર વલી મામદ જીવાભાઈ પાસેથી રજીસ્ટર વેચાણ લેખ નં.૩૭૧/૧૯૩૬ , તા.૧૧/૧૧/૧૯૩૬ ના રોજથી ખરીદ કરેલ. ત્યારબાદ મિસ્ત્રી મોનજી ભવાનભાઈ વડગામા ઉર્ફે ગજ્જરએ તારીખ ૦૭/૦૧/૧૯૮૨ ના રોજ બનાવેલ વીલની રૂએ તેમના સીધીલીટીના વારસદાર પુત્રની રૂએ શ્રી લક્ષ્મીકાંત મોનજીભાઈ ગજ્જરએ રાજકોટના મહે. ચોથા એડી.સીનીયર સીવીલ જજ સાહેબ, રાજકોટ પાસેથી સી.એમ.એ. નં.૨૨૮૭/૨૦૨૧ થી તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજથી લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી કોપી ઓફ ધી વીલ મેળવેલ છે અને તેની સીટી સર્વે કચેરીમાં પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૨૨૮૬, તા.૨૩/૦૫/૨૦૨૨ ના રોજથી થયેલ છે અને જે સક્ષમ અધિકારશ્રીએ તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજથી મંજુર કરેલ છે. એ રીતે સદરહુ રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૬/૧ ના સીટી સર્વે નં. ૨૮૩૮ થી ૨૮૪૫ ની જમીન ચો.વા.આ.૭૪૬-૬-૦ જેના ચો.મી.આ. ૬૨૨-૨૫ (સીટી સર્વે રેકર્ડ મુજબ જમીન ચો.મી.આ.૬૩૩-૬૬) ના માલીક થયેલ છે. અને સદરહુ મિલકત "ગજ્જર બિલ્ડીંગ" તરીકે ઓળખાય છે જે સદરહુ 'ગજ્જર બીલ્ડીંગ"નુ જુનુ બાંધકામ ડીમોલીશ કરી તેના ઉપર બાંધકામ કરવાનું નક્કી કરેલ હોય, જેથી તે અંગેનો રાજકોટ મહાનગરપાલીકામાં ડેવલપમેન્ટ સાઈટ

...૩

M.No. 98245 08172

**JITENDRA H. PAREKH**

202-203 G. B.Complex,
Moti Tanki Chowk,
RAJKOT-360001.

*Advocate ( Guj. High Court.)*



ઈન્વર્ડ નં. ૦૧ તા. ૦૫/૦૪/૨૦૨૨ ના રોજથી પ્લાન પાસ કરવા માટે મુકેલ છે, જે પ્લાન પાસ સાથે સદરહું વોર્ડ નં. ૧૬/૧ ના સીટી સર્વે નં. ૨૮૩૮ થી ૨૮૪૫ ની જમીન ચો.વા.આ.૭૪૬–૬–૦ જેના ચો.મી.આ. ૬૨૨–૨૫ (સીટી સર્વે રેકર્ડ મુજબ જમીન ચો.મી.આ.૬૩૩–૬૬) ઉપર આવેલ મિલ્કત હાલના માલીક બિલ્ડરાજ હોમ્સ એલએલપીએ પોતાના જોગના રજી.વે.દ.અનુ.નં.૩૩૦૨, તારીખ ૧૩/૦૪/૨૦૨૨ ના રોજથી શ્રી લક્ષ્મીકાંત મોનજીભાઈ ગજ્જર પાસેથી ખરીદ કરેલ અને સદરહુ મિલકત માહેના વોર્ડ નં.૧૬/૧ ના સીટી સર્વે નં.૨૮૩૮ તથા ૨૮૪૨ બન્નેની કુલ મળી જમીન ચો.મી.આ. ૬૨૨–૨૦ માં સીટી સર્વે કચેરી તરફથી નોંધ દાખલ કરવામાં આવેલ છે કારણ કે સીટી સર્વે નં.૨૮૩૯, ૨૮૪૦, ૨૮૪૧, ૨૮૪૩, ૨૮૪૪ તથા ૨૮૪૫ કે જે તમામ બાલ્કની તથા જુનવાણી મકાન આવેલ હોય જેના બહારના ઓટો પણ માપવામાં આવેલ હોય અને જે નવા પરિપત્ર અનુસાર કુલ ક્ષેત્રફળમાં ગણતરીમાં આવતા ન હોય જેથી તેમાં નોંધ દાખલ કરવામાં આવેલ નથી અને ત્યારબાદ સદરહુ સાઈટ ઈન્વર્ડ નં.૦૧, તા.૦૫/૦૪/૨૦૨૨ ના રોજ જે પ્લાન પાસ કરવા માટે મુકેલ તે પ્લાન મુજબ બિલ્ડીંગનું બાંધકામ કરવા માટે રા.મ્યુ.કો. માંથી ધારા ધોરણ મુજબ બાંધકામ પરવાનગી નં.૫૯, તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજથી મેળવી પ્લાન પાસ કરાવી સદરહુ મિલકત ઉપર **"રાજ એમ્બેસી"** ના નામથી રહેણાંકના હેતુસર બીલ્ડીંગનું બાંધકામ કરવાનુ નકકી કરેલ છે. સદરહુ રહેણાંક બીલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર થી સેવન્થ ફલોર સુધી બાંધકામ કરવાનું નકકી કરવામાં આવેલ છે અને તેમાં ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કીંગ, ચોકીદારની રૂમ, એન્ટ્રેસ ફોયર, લીફટ તથા ફર્સ્ટ ફલોર થી સેવન્થ ફલોર સુધી એક માળે બે ફલેટ એમ કુલ–૧૪ ફલેટનું બાંધકામ કરવામાં આવશે. અને સદરહું બિલ્ડીંગને **"રાજ એમ્બેસી"** નામ આપેલ છે. તે સમગ્ર **"રાજ એમ્બેસી"** બિલ્ડીંગની હદ હદુદ અને ચર્તુઃસિમા નીચે મુજબ છે.

JITENDRA H. PAREKH ADVOCATE Guj. High Court

...૪

M.No. 98245 08172
**JITENDRA H. PAREKH**
202-203 G. B.Complex,
Moti Tanki Chowk,
RAJKOT-360001.
*Advocate ( Guj. High Court.)*



ઉત્તરે : રસ્તો આવેલ છે.

દક્ષિણે : અન્યની માલીકીના મકાન આવેલ છે, આ તરફની દિવાલ મજમુ છે.

પૂર્વે : રસ્તો આવેલ છે.

પશ્ચિમે : રસ્તો આવેલ છે.

(૩) ઉપરોકત **"રાજ એમ્બેસી"** નામની ઈમારતના તમામ ટાઈટલ ડીડસનો અભ્યાસ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) બિલ્ડરાજ હોમ્સ એલએલપીએ બનાવેલ એ.ઓ.પી. રજીસ્ટ્રેશન નં. ............., તા................. ના રોજની નકલ (કાચી નકલ).

(૨) આર.એમ.સી.એ ઈશ્યુ કરેલ મકાન વપરાશ દાખલા નં. .............., તા................. ના રોજની નકલ (બાંધકામ ચાલુ છે).

(૩) આર.એમ.સી.એ મંજુર કરેલ બિલ્ડીંગ પ્લાન તથા બાંધકામ પરવાનગી નં.૫૯, તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજની છે, તે તથા વિકાસ કામની પરવાનગીની નકલ.(હાલ ઈન્વર્ડ નં.૦૧, તા.૦૫/૦૪/૨૦૨૨ ના રોજથી પ્લાન પાસ કરવા માટે અરજી ઓનલાઈન કરવામાં આવેલ છે.)

(૪) સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ પ્રથમથી – **ખરી નકલ** તથા સનંદ – **અસલ.**

(૫) બિલ્ડરાજ હોમ્સ એલએલપી ભાગીદારી પેઢી જોગ ગુજ. મિસ્ત્રી મોનજીભાઈ ભવાનભાઈ વડગામા ઉર્ફે ગજજરના વીલની રૂએ સીધીલીટીના વારસદાર પુત્ર દરજજે શ્રી લક્ષ્મીકાંત મોનજીભાઈ ગજજરએ કરી આપેલ રજી.વે.દ. અનુ.નં.૩૩૦૨, તા.૧૩/૦૪/૨૦૨૨ ના રોજ છે તે અસલ.

...૫

M.No. 98245 08172
**JITENDRA H. PAREKH**
202-203 G. B.Complex,
Moti Tanki Chowk,
RAJKOT-360001.
*Advocate ( Guj. High Court.)*



(૬) શ્રી લક્ષ્મીકાંત મોનજીભાઈ ગજ્જરએ રાજકોટના મહે. ચોથા એડીશ્નલ સીનીયર સીવીલ જજ, રાજકોટ પાસેથી સી.એમ.એ. નં. ૨૨૮૭/૨૦૨૧ ના કામમાં તા. ૧૧/૦૨/૨૦૨૨ ના રોજથી ગુજ. મોનજીભાઈ ભોવાનભાઈ વડગામા @ ગજ્જરએ તા. ૦૭/૦૧/૧૯૮૨ ના રોજથી બનાવેલ વિલની રૂએ મેળવેલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વિધ ધી કોપી ઓફ ધી વીલ – અસલ.

(૭) શ્રી મિસ્ત્રી મોનજી ભોવાનના નામની સીટી સર્વે સનંદ કુલ–૮.

(૮) શ્રી મિસ્ત્રી મોનજી ભોવાન જોગ શ્રી મેમણ એહમદ આદમભાઈના કુલમુખત્યાર વલીમામદ જીવાભાઈએ કરી આપેલ રજી. વેચાણ લેખ નં. ૩૭૧/૧૯૩૬ તા. ૧૧/૧૧/૧૯૩૬ ના રોજનો અસલ.

(૯) શ્રી વલીમામદ જીવાભાઈ જોગ શ્રી મેમણ એહમદ આદમભાઈએ તા. ૦૨/૦૪/૧૯૩૫ ના રોજ કરી આપેલ કુલમુખત્યારનામું –

(૧૦) શ્રી મિસ્ત્રી મોનજી ભોવાન જોગ શ્રી મેમણ યુસુફ આદમના કુલમુખત્યાર વલીમામદ જીવાભાઈએ કરી આપેલ રજી. વેચાણ લેખ નં. ૩૫૦/૧૯૩૬ તા. ૧૧/૧૧/૧૯૩૬ ના રોજનો અસલ.

(૧૧) શ્રી વલીમામદ જીવાભાઈ જોગ શ્રી મેમણ યુસુફ આદમભાઈએ તા. ૦૨/૦૪/૧૯૩૫ ના રોજ કરી આપેલ કુલમુખત્યારનામું –

(૧૨) શ્રી યુસુફ આદમભાઈ જોગ શ્રી વલી મહમદ જીવાભાઈએ કરી આપેલ રજી. લેખ નં. ૨૪ તા. ૧૪/૦૯/૧૯૨૨ ના રોજનો છે, તે

(૧૩) શ્રી એહમદ આદમભાઈ જોગ શ્રી વલી મહમદ જીવાભાઈએ કરી આપેલ રજી. લેખ નં. ૨૩ તા. ૧૪/૦૯/૧૯૨૨ ના રોજનો છે, તે

(૧૪) શ્રી વલીમામદ જીવાભાઈ જોગ શ્રી દેવશીભાઈ ડાહ્યાભાઈએ કરી આપેલ રજી. વેચાણ લેખ નં. ૨૨/૧૯૧૬ તા. ૧૮/૦૭/૧૯૧૬ ના રોજનો છે,

(૧૫) શ્રી ડાહ્યાભાઈ ત્રિકમભાઈ જોગ શ્રી પુંજાભાઈ જીવાભાઈએ કરી આપેલ રજી. વેચાણ લેખ નં. ૪૮/૯૮–૯૯ તા. ૨૩/૧૨/૧૮૯૮ ના રોજનો છે.

...૬

M.No. 98245 08172

202-203 G. B.Complex,
Moti Tanki Chowk,
RAJKOT-360001.

**JITENDRA H. PAREKH**

Advocate ( Guj. High Court.)



(૧૬) ધી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડીયા ઈન કાઉન્સીલના પોલીટીકલ એજન્ટ હાલાર પ્રાંન્તનાએ ઈશ્યુ કરેલ સનંદ ફોર્મ નં. ''બી'' કે જે મિસ્ત્રી મોનજી ભોવાનના નામની ટ્રાન્સફર થયેલ છે, તે

સદરહુ ઉપરોકત મિલકતના ઉતરોતર ટાઈટલ તથા હાલની માલીકીની દસ્તાવેજ સહીતની ફાઈલ અમોએ તપાસેલ છે, અને સદરહુ મિલકતના છેલ્લા ૩૦ વર્ષની સબ–રજીસ્ટ્રાર કચેરી ઝોન–૧ માં વર્ષ–૧૯૯૨ થી ૧૯૯૮ તથા ત્યારબાદ ઝોન–૩ માં વર્ષ ૧૯૯૮ થી ૨૦૨૨ સુધી સર્ચ પણ કરેલ છે અને તે અંગેની સર્ચ કર્યાની રીસીપ્ટ અનુક્રમે ઝોન–૧ ના રીસીપ્ટ નં. ૨૦૨૨૦૨૨૦.૨૧૬૫૧ તા.૨૨/૮/૨૨ તથા ઝોન–૩ ના રીસીપ્ટ નં. ૨૦૨૨૦૨૪૦ ૧૬૮૪૬ તા.૧૭/૮/૨૨ બન્ને આ રીપોર્ટ સાથે રજુ છે.

ઉપરોકત તમામ ઉતરોતર દસ્તાવેજોવાળી ફાઈલ તપાસતા હું અભિપ્રાય આપુ છું કે, ઉપરોકત **''રાજ એમ્બેસી''** નામની ઈમારતની માલિકી **બિલ્ડરાજ હોમ્સ એલએલપી** ની હોવાનું આથી પ્રમાણિત કરું છું અને **બિલ્ડરાજ હોમ્સ એલએલપી**ના માલિકી આધારો વ્યાજબી શંકાથી પર તેમજ **કરબોજા મુકત છે**, તેમજ કોઈપણ સક્ષમ અદાલતમાં ઉપરોકત મિલ્કત અંગે કોઈપણ પ્રકારના દર–દાવા કે કેસ પેન્ડીંગ નથી. આમ, મારા અનુમાન મુજબ અભિપ્રાય આપુ છું કે ઉપરોકત **''રાજ એમ્બેસી''** નામની ઈમારતના ટાઈટલ કલીયર, બોજા મુકત તેમજ માર્કેટેબલ છે.

JITENDRA H. PAREKH
Advocate (Guj. High Court)

રાજકોટ.
તા.૨૨/૦૮/૨૦૨૨

(જીતેન્દ્ર એચ. પારેખ–એડવોકેટ)
સનંદ નં.જી/૮૦૯/૨૦૦૦

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : વોર્ડ.ન.16/1 સી.સ.ન.2838 તથા 2842 ની જમીન ની મિલ્કત

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | 202202200021659 | અરજી નંબર | 15393 | અરજી વર્ષ | 2022 |
| તારીખ | 22 | માહે | ઓગસ્ટ | સને | 2022 |

રજુ કરનારનું નામ જે.એચ.પારેખ (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 1992 1998 | 80.00 |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-1(CITY) રાજકોટ સબ રજીસ્ટ્રારનો (સિક્કો) રાજકોટ-૧ (સીટી)

| કુલ એકંદરે રૂ. | 80.00 |
|---|---|

અંકે રૂપીયા એંશી પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં -------------- આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

P K Shukla
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 80.00

20220816575993774

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સી.સ.નં.2838 થી 2845, કાશી વિશ્વનાથ પ્લોટ શેરી નં.1, રાજ એમ્બેસી

Search in : CITY SURVEY WARD No.16/CITY SURVEY WARD No.16

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૨૪૦૦૦૧૬૯૪૬ | અરજી નંબર | ૯૮૯૬ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૧૭ | માહે | ઓગસ્ટ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ જીતેન્દ્ર એચ.પારેખ એડ શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................. | |
| શેરોની નકલ કરવા માટે ફી......................... | |
| ટપાલ ખર્ચ.............................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )............. | |
| શોધ અગર તપાસણી.............Year: 1998 2022 | ૨૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫.............................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )...................................... | |
| નકલ ફી ફોલીયો.......................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ............................................. | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-3(JAMNAGAR ROAD) રાજકોટ સબ રજીસ્ટ્રારનાં સિક્કો રાજકોટ-૩ (જામનગર રોડ)

કુલ એકંદરે રૂ. ૨૬૦.૦૦

અંકે રૂપીયા બે સો સાઈઠ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં --------------- આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

R K CHOPADA
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 3

અંકે રૂ. : 260.00
20220816763073805

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 3